# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ**(૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃજીજી/૨૭/૨૦૨૦/વિ.૫/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૮/૫/૨૦૨૦ આ કચેરીના શેરા ક્રમાંકઃઆકૃયુ/રજિ/સંકલન/૧૯૦૪/૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦

(૨) સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારના ક્રમાંકઃપરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ-તા.૧૯/૦૫/૨૦૨૦ અને આ કચેરીના શેરા ક્રમાંકઃઆકૃયુ/રજિ/સંકલન/૧૯૦૭/૨૦૨૦ તા.૨૦/૦૫/૨૦૨૦

**Containment Zones સિવાયની કચેરીઓ ૧૦૦ ટકા સ્ટાફ સાથે ચાલુ રાખવા બાબત..**

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉકત વંચાણે લીધેલ ક્રમ-(૧) ના જાહેરનામા અને સરકારશ્રીની વખતો-વખતની સૂચનાઓ ધ્યાને લઇ સરકારશ્રીએ નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખવાના હેતુસર જાહેર હિતમાં સરકારશ્રી દ્વારા લોકડાઉન વધુ બે અઠવાડીયા એટલે કે તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે.

પરંતુ સરકારશ્રીની માર્ગદર્શક સૂચનાઓ મુજબ જે વિસ્તારને Containment Zones તરીકે જાહેર કરેલ છે તે સિવાયના જિલ્લાઓમાં લોકડાઉનમાં છુટછાટો આપી વાહન વ્યવહાર પણ ચાલુ કરેલ છે તે અનુસંધાને વંચાણે લીધેલ ક્રમ-(૨)ના પરિપત્રથી તમામ જિલ્લાની Containment Zones બહારના વિસ્તારમાં આવેલી તમામ કચેરીઓ ૧૦૦ટકા સ્ટાફ સાથે કાર્યરત કરવા તેમજ Containment Zones માં રહેતા અધિકારી/કર્મચારીને ફરજ પર બોલાવવા નહી તે પ્રમાણેની સૂચનાઓ જારી કરવામાં આવતા તેનો અમલ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં કરવાનો રહેતો હોઇ વંચાણે લીધેલ ક્રમ-(૨)ના સરકારશ્રીના પરિપત્રથી પાઠવેલ સૂચનાઓની અમલવારી કરીને અધિકારીઓ/કર્મચારીઓ તેઓની ફરજ પર હાજર રહે તે પ્રમાણે યુનિટ કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે.

સદરહું પરિપત્ર માન.કુલપતિશ્રીએ નોંધ ઉપર આપેલ આદેશ અનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

કુલસચિવ

**જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૨૧૧૭ /૨૦૨૦**
**તા.૨૩/૦૫/૨૦૨૦**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
(૨) આ કચેરીની એડીએમ શાખા-૩ તરફ.
(૩) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

G:\Co-ordination-2020\CIRCULAR (2).doc